પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૩૩૬ | ૧૭ ફેબ્રુઆરી, ૨૦૨૧, બુધવાર; મહા સુદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# મધ્યપ્રદેશમાં બસ નહેરમાં ખાબકતાં ૪૨નાં મોત

**બસમાં અંદાજે ૫૦થી વધુ પ્રવાસીમાં મોટાભાગના નર્સિંગની પરીક્ષા આપવા જતા છાત્રો હતા, ૭ને બચાવી લેવાયા : મૃતકના પરિવારોને વળતર અપાશે**

ભોપાલ, તા. ૧૬

મધ્યપ્રદેશના સીધીમાં મોટી દુર્ઘટના બની છે. અકસ્માતમાં ૩૮ લોકોના શબ મળ્યા છે. મૃતકોની સંખ્યામાં વધારો થવાની આશંકા. શિવરાજસિંહ ચૌહાણે અકસ્માતની ઘટના બાદ પોતાના તમામ કાર્યક્રમ રદ કરી દીધા છે. મૃતકોના પરિવારજનોને પાંચ લાખ રુપિયા વળતર આપવાની જાહેરાત પણ કરવામાં આવી છે. આ બસમાં મોટાભાગના વિદ્યાર્થીઓ સવાર હતા અને તેઓ પરીક્ષા આપવા માટે જઈ રહ્યા હતા. દુર્ઘટનાની તપાસના આદેશ અપાયા છે.

બસમાં સવાર મોટાભાગના મુસાફરો નર્સિંગના વિદ્યાર્થી હતા. તમામ લોકો સીધીથી સતના પરીક્ષા આપવા માટે જઈ રહ્યા હતા. પરંતુ બસ અકસ્માતમાં મોટાભાગના વિદ્યાર્થીઓએ જીવ ગુમાવ્યો છે. રીવા ઝોનના અધિકારીઓ અને પોલીસની ટીમ ઘટના સ્થળ પર પહોંચી છે.





સ્થાનિક વહીવટી તંત્ર પાસે એવી કોઈ માહિતી નથી કે બસમાં કેટલા લોકો સવાર હતા. સ્થાનિકોનો એવો પણ આક્ષેપ છે કે રેસ્ક્યુ ઓપરેશન શરુ કરવામાં મોડું થયું છે.

પરિવહન મંત્રી ગોવિંદે કહ્યું છે કે, બસની પરમિટ રદ કરી દેવાઈ હતી. બસમાં સવાર મોટાભાગના વિદ્યાર્થીઓ પરીક્ષા આપવા માટે જઈ રહ્યા હતા. બસ ખોટા રૂટ પરથી જઈ રહી હતી. ટ્રાન્સપોર્ટ કમિશનરે આ મામલે તપાસના આદેશ આપ્યા છે. દોષિતો સામે સખત કાર્યવાહી કરવાની માંગ ઉઠી રહી છે.

મુખ્યમંત્રી શિવારાજસિંહ ચૌહાણે બે મંત્રીઓને સીધી માટે રવાના કર્યા છે. જેમાં કેબિનેટ મંત્રી રામ સિલાવટ અને રામખેલાવન પટેલનો સમાવેશ થાય છે. બન્ને મંત્રી ત્યાં પહોંચીને મુખ્યમંત્રીને રિપોર્ટ કરશે. આ સાથે ઘટના અંગે વિસ્તૃત માહિતી મેળવવા માટે વાહનવ્યવહાર મંત્રી ગોવિંદસિંહ રાજપૂતને જણાવાયું છે.

સ્થાનિક લોકોના જણાવ્યા પ્રમાણે બસમાં ૫૫થી ૬૦ લોકો હતા. અત્યાર સુધીમાં ૭ જેટલા લોકોને જીવતા બહાર કાઢવામાં સફળતા મળી છે. મળતી વિગતો પ્રમાણે ૩૮ લોકોના મૃતદેહ બહાર કઢાયા છે. કહેવાય છે કે જામના કારણે બસને અન્ય રૂટ પર ડાઈવર્ટ કરવામાં આવી હતી. પુલ પાસે ખાડો હતો તે પછી બસ નહેરમાં પડી હતી.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ દુર્ઘટના અંગે શોક વ્યક્ત કર્યો છે અને મૃતકોના પરિવારને ૨-૨ લાખ રૂપિયા પ્રધાનમંત્રી નેશનલ રીલિફ ફંડમાંથી આપવાની જાહેરાત કરી છે.

વધુ વિગતો અનુસાર આજે સવારે સીધીથી સતના જઈ રહેલી બસમાં ૫૪ મુસાફરો સવાર હતાં. જ્યારે અચાનક સંતુલન બગડતાં બસ નહેરમાં ખાબકી હતી. ઘટનાને પગલે રાહત કાર્ય ચાલુ છે. જ્યારે ગુમ યાત્રીઓની

● અનુસંધાન પાના - ૭ પર

# ચીને પેન્ગોગના કિનારેથી તંબૂ-બંકર ઉપાડ્યા

નવી દિલ્હી,તા.૧૬

પૂર્વ લદાખના પેન્ગોગ સો લેકના ઉત્તર અને દક્ષિણ કિનારાઓથી ભારત અને ચીનની સેનાઓની વાપસી પ્રક્રિયા યોજના મુજબ ચાલી રહી છે અને આગામી ૬થી ૭ દિવસમાં વાપસીની પ્રક્રિયા પૂરી થવાની આશા છે. આ જાણકારી રક્ષા સૂત્રોએ આપી છે. સૂત્રોએ કહ્યું કે ચીનની પીપલ્સ લિબરેશન આર્મીએ અનેક બંકર, અસ્થાયી ચોકીઓ અને અન્ય માળખાને ઉત્તર કિનારા વિસ્તારમાંથી હટાવી દીધા છે અને ક્ષેત્રમાં પોતાના સૈનિકોની સંખ્યા ધીમે-ધીમે ઓછી કરી રહી છે. તેઓએ જણાવ્યું કે બંને પક્ષોના ફિલ્ડ કમાન્ડર લગભગ રોજ બેઠક કરે છે જેથી વાપસીની પ્રક્રિયાને આગળ વધારી શકાય, જેને નવ ચરણની ઉચ્ચ સ્તરીય સૈન્ય મંત્રણા બાદ ગત સપ્તાહે અંતિમ રૂપ આપવામાં આવ્યું હતું. રક્ષા મંત્રાલયના સૂત્રોએ જણાવ્યું કે, પેન્ગોગ લેકના ઉત્તર અને દક્ષિણ કિનારાઓથી વાપસીની પ્રક્રિયાને પૂરી થવામાં લગભગ એક સપ્તાહનો સમય લાગશે અને બંને પક્ષ સૈનિકો અને ઉપકરણોની વાપસી પ્રક્રિયાનું સત્યાપન કરી રહ્યા છે. નવ મહિનાના ગતિરોધ બાદ બંને દેશની સેનાઓ પેન્ગોગ લેકના ઉત્તર અને દક્ષિણ કિનારાથી વાપસી પર સહમત થયા જે મુજબ બંને પક્ષોને ચરણબદ્ધ, સમન્વિત અને સત્યાપિત રીતે સેનાઓને અગ્રિમ મોરચાથી હટાવવાની છે. વાપસીની પ્રક્રિયા ગત બુધવારથી શરૂ થઈ હતી. રક્ષા મંત્રી રાજનાથ સિંહએ ગત ગુરુવારે સંસદમાં વાપસી સમજૂતી પર વિસ્તૃત નિવેદન આપ્યું હતું. રાજનાથ સિંહે એલાન કર્યું કે ભારત-ચીનની વચ્ચે

● અનુસંધાન પાના - ૭ પર

# અભિનેતા સંદીપની આત્મહત્યા

મુંબઈ,તા.૧૬

એમએમ ધોની અને કેસરી જેવી હિટ ફિલ્મોમાં કામ કરી ચૂકેલા એક્ટર સંદીપ નાહરએ સોમવારે મુંબઈના ગોરેગાંવ સ્થિત પોતાના ઘરમાં આત્મહત્યા કરી દીધી. મુંબઈ પોલીસ અનુસાર આ મામલામાં કેસ નોંધવામાં આવી ચૂક્યો છે અને તપાસ હાથ ધરવામાં આવી રહી છે. આત્મહત્યા કરતાં પહેલા સંદીપ નાહરે ફેસબુક પર પોતાનો એક વીડિયો પોસ્ટ કર્યો હતો અને સાથોસાથ એક સુસાઈડ નોટ લખી હતી, જેમાં તેણે અંગત જિંદગી અને પ્રોફેશનલ લાઈફમાં પડી રહેલી તકલીફોનો ઉલ્લેખ કર્યો હતો. મુંબઈના ગોરેગાંવના ઘરમાં સોમવારે સંદીપ નાહરની લાશ મળી હતી. પોલીસના જણાવ્યા મુજબ એક્ટરે આત્મહત્યા કરી. સંદીપે આ રીતે અચાનક આત્મહત્યા કરી દેતાં એન્ટરટેનમેન્ટ ઈન્ડસ્ટ્રી પર ઘેરો આઘાત લાગ્યો છે. સંદીપ નાહરે આત્મહત્યા પહેલા જે વીડિયો ફેસબુક પર પોસ્ટ કર્યો હતો તેમાં તેણે પોતાની આત્મહત્યાનું કારણ જણાવતા કે, હેલો

● અનુસંધાન પાના - ૭ પર

# ૮ દિવસની જોડિયા બહેનોને વાંદરાનું ઝૂંડ ઉઠાવીને ભાગ્યું

**ઘરની અંદર ઘૂસી વાંદરાઓના ઝૂંડે જોડિયા બહેનોને ઉઠાવી લીધી, એકને છત પર ફેંકતા માંડ-માંડ જીવ બચ્યો**

ચેન્નઈ,તા.૧૬

તમિલનાડુના તંજાવુરમાં એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. અહીં વાંદરાઓનું ઝુંડ એક ઘરની અંદર ઘૂસી ગયું. આ ઝુંડ ઘરમાં ઘૂસીને ૮ દિવસની બે નવજાત જોડવા બાળકઓને ઉઠાવીને લઈ ગયું. ત્યારબાદ તેમાંથી એક બાળકીને નાળામાં ફેંકી દીધી. આ ઘટનામાં તેનું મોત થઈ ગયું. આ ચકચારી ઘટનાના કારણે સમગ્ર વિસ્તારમાં સનસની ફેલાઈ ગઈ છે. વાંદરાઓના આતંકથી લોકો પરેશાન થઈ ગયા છે.

તમિલનાડુના તંજાપુરની રહેવાસી ભુવનેશ્વરીએ આ ચોંકાવનારી ઘટનાની પૂરી જાણકારી આપી છે. તેઓએ જણાવ્યું કે, ઘરની અંદર બેડરુમમાં જ તેમની ૮ દિવસની બંને જોડિયા દીકરીઓ ઊંઘતી હતી. આ દરમિયાન તેઓએ બાળકીઓના રડવાનો અવાજ સાંભળ્યો. તેઓ જ્યારે ત્યાં પહોંચ્યા તો તેમના હોશ ઊડી ગયા. તેઓએ જોયું કે વાંદરાઓનું એક ઝુંડ તેમની નવજાત જોડિયા દીકરીઓને ઉઠાવીને લઈ જઈ રહ્યું હતું.

તેઓ તેમની પાછળ દોડ્યા અને બૂમો પાડી. ઘરની બહાર જઈને તેમણે જોયું કે વાંદરાઓ તેમની દીકરીઓને લઈને છત પર બેઠા હતાં. આ દરમિયાન તેમની બૂમો સાંભળીને આસપાસના લોકો પણ એકત્ર થઈ ગયા. તમામ લોકો વાંદરાઓના સકંજામાંથી બાળકીઓને મુક્ત કરાવવા માટે પ્રયાસ કરવા લાગ્યા. આ દરમિયાન વાંદરાઓએ એક બાળકીને છત પર જ ફેંકી દીધી, જ્યારે બીજી બાળકીને નીચે નાળા તરફ ફેંકીને ભાગવા લાગ્યા. આ દરમિયાન છત પર પટકાયેલી બાળકીને તાત્કાલિક સારવાર માટે લઈ જવામાં આવી. હવે તેની હાલત ખતરાથી બહાર છે. પરંતુ નાળામાં ફેંકવામાં આવેલી બાળકીનું ઘટનાસ્થળે જ મોત થઈ ગયું.

# મુંબઈ-પુણે એક્સપ્રેસવે પર ત્રણ ગાડી ટકરાતાં ૫નાં મોત

**ઓવર સ્પિડ ટ્રક ચાલકે વાહન પરનો કાબૂ ગુમાવતાં સર્જાયેલી ગોઝારી દુર્ઘટનામાં પાંચ જણાંને ઈજા થઈ**

મુંબઈ,તા.૧૬

મહારાષ્ટ્રમાં મુંબઈ-પુણે એક્સપ્રેસવે પર અનેક વાહનોની વચ્ચે ટક્કર થતાં પાંચ લોકોનાં મોત થયા છે અને ઓછામાં ઓછા પાંચ લોકો ઘાયલ થયા છે. ઘાયલોને હૉસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા છે. મળતી જાણકારી મુજબ, મુંબઈ-પુણે એક્સપ્રેસવે પર મંગળવારે પરોડે ત્રણ ગાડીઓ પરસ્પર ટકરાઈ ગઈ. ગાડીઓ એકબીજા સાથે ટકરાઈ તેનું પાછળનું કારણ હજુ સામે નથી આવ્યું. રિપોર્ટ મુજબ એક ઓવરસ્પીડ ટ્રક ચાલક દ્વારા પોતાના વાહન પર નિયંત્રણ ગુમાવ્યા બાદ આ ભીષણ દુર્ઘટના સર્જાઈ હતી. મળતી માહિતી મુજબ, સૌથી પહેલા વાહને ટેમ્પોને ટક્કર મારી જે પલટી ગઈ અને બંને વાહન લેનની વચ્ચે ખોદવામાં આવેલા એક ખાડામાં ફસાઈ ગયા. બાદમાં ટ્રકે બે અન્ય કારોને ટક્કર મારી. દુર્ઘટનાનો ભોગ બનેલા બે અલગ-અલગ વાહનોમાં સવાર ત્રણ મહિલાઓ



અને ટ્રકચાલકનું પણ મોત થયું છે. અકસ્માતની ઘટના બાદ તરત જ એમ્બ્યૂલન્સ, હાઈવેની ટીમ અને પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ. મૃતકોને ખોપોલી ગ્રામ્ય હૉસ્પિટલ લઈ જવામાં આવ્યા છે અને ઘાયલોને મુંબઈ લઈ જવામાં આવ્યા છે. દુર્ઘટનામાં વાહનો ક્ષતિગ્રસ્ત થઈ ગયા છે. પોલીસ અને રાહત-બચાવ કર્મીઓએ આ દરમિયાન વાહન હટાવવા અને ટ્રાફિકને ફરી ચાલુ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે, સોમવારે મહારાષ્ટ્રના જલગાંવમાં એક દર્દનાક માર્ગ અકસ્માતમાં ૧૫ શ્રમિકોનાં મોત થયા હતા. જલગાંવના યાવલની પાસે પપૈયાથી ભરેલી ટ્રક પલટી ગઈ, જેના કારણે આ કરૂણ ઘટના બની હતી. પપૈયાથી ભરેલી ટ્રક ધૂલેથી રાવેલ તરફ જઈ રહી હતી. મળતી જાણકારી મુજબ, જલગાંવમાં સોમવારની સવારે પપૈયાથી ભરેલી એક ટ્રક રાવેલ તરફ જઈ રહી હતી. ટ્રક યાવલ પાસે જ પહોંચી હતી કે તે અનિયંત્રિત થઈને પલટી ગઈ હતી. ટ્રક પલટતાં જ જોરદાર અવાજ સાંભળીને આસપાસના લોકો મદદ માટે દોડી આવ્યા હતા. પ્રત્યક્ષદર્શીઓ મુજબ ટ્રકમાં કેટલાક શ્રમિકો પણ બેઠા હતા. દુર્ઘટના એટલી જોરદાર હતી કે ટ્રકમાં સવાર તમામ ૧૫ શ્રમિકોનાં ઘટનાસ્થળે જ મોત થયા હતા.

# દિલ્હી મેટ્રો સંપૂર્ણપણે કેશલેસ અને ટચ ફ્રી થશે

**ડિજિટલ પેમેન્ટને પ્રોત્સાહન આપવા માટે ક્વિક રિસ્પોન્સ એટલે ક્યૂઆર કોડની સુવિધા હવે લાવવામાં આવી છે**

નવી દિલ્હી,તા.૧૬

દિલ્હી મેટ્રોમાં યાત્રા કરતા મુસાફરોને જલ્દી જ એક મોટી ગિફ્ટ મળવા જઈ રહી છે. ડીએમઆરસી ટૂંક સમયમાં જ કેશલેસ બનશે, એટલે કે મુસાફરો ટચલેસ ક્યૂ આર કોડ દ્વારા મુસાફરી કરશે. મુસાફરોના ભાડા ચુકવણીની સુવિધા માટે દિલ્હી મેટ્રોના તમામ સ્ટેશનો પર ઓટોમેટિક ફેયર કલેક્શન ગેટને અપગ્રેડ કરવામાં આવી રહ્યો છે, ત્યારબાદ મેટ્રોના મુસાફરોને કેશલેસ મુસાફરીની સુવિધા મળવાનું શરૂ થઈ જશે. દેશભરમાં ફેલાયેલા રોગચાળા વચ્ચે ડીએમઆરસીએ આ સુવિધા શરૂ કરવાની યોજના બનાવી હતી. આ સિવાય ડિજિટલ પેમેન્ટને પ્રોત્સાહન આપવા માટે ક્વિક રિસ્પોન્સ કોડની સુવિધા લાવવામાં આવી છે. તમને જણાવી દઈએ કે ઊઇ કોડમાંથી પેમેન્ટનો ઉપયોગ ફક્ત દિલ્હી એરપોર્ટ એક્સપ્રેસ લાઈન પર થઈ રહ્યો છે. આ લાઈન પર મુસાફરી કરનારા મુસાફરો ટિકિટના પૈસાના પેમેન્ટ માટે કોઈપણ એપ્લિકેશનમાંથી ક્યૂઆર કોડ સ્કેન કરી શકે છે. આ સિવાય આ લાઈન પર મેટ્રો નેશનલ કોમન મોબિલીટી કાર્ડનો ઉપયોગ કરવાની સુવિધા પણ આપવામાં આવી છે. અહેવાલ મુજબ, તમને જણાવી દઈએ કે ક્યુઆર કોડ સિસ્ટમ દિલ્હી મેટ્રોના નવ કોરિડોર પર ઉપલબ્ધ થશે, જે ૩૧૪ કિલોમીટર અને ૨૪૫ સ્ટેશનોમાં ફેલાયેલ છે. ડીએમઆરસીની સરેરાશ દૈનિક મુસાફરોની સંખ્યા ૨.૮૬ મિલિયન છે અને તેણે નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦માં ૧૦૦ કરોડ રાઈડર્સ સેવા આપી છે. ડીએમઆરસીના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર અનુજ દયાલના જણાવ્યા અનુસાર, ડીએમઆરસીએ ક્યુઆર કોડ લાગુ કરવા, ઈએમવી અપગ્રેડ કરવા અને રૂપિયા આધારિત ટિકિટિંગ માટે એક્સપ્રેશન ઓફ ઈન્ટરેસ્ટને નિમંત્રીત કર્યું છે. ડીએમઆરસી અનુસાર, એએફસી સિસ્ટમ વિકસિત થઈ છે, તેને અપગ્રેડ કરવાની જરૂરીયાત છે.

# ઈંગ્લેન્ડ સામે ભારતની ઐતિહાસિક જીત

**પ્રવાસી ઈંગ્લેન્ડની બીજી ઈનિંગ્સ ૧૬૪ રનમાં સમેટાઈ, અક્ષરની પાંચ વિકેટ, અશ્વિનની મેચમાં કુલ આઠ વિકેટ**

ચેન્નઈ, તા. ૧૬

પ્રથમ ટેસ્ટ મેચમાં ઈંગ્લેન્ડ સામે મળેલી હાર બાદ ટીમ ઈન્ડિયાએ બદલો લેતાં બીજી ટેસ્ટ મેચમાં ઈંગ્લેન્ડને ૩૧૭ રને હરાવી છે. ઈંગ્લેન્ડની ટીમ બીજી ઈનિંગ્સમાં ૧૬૪ રને જ આઉટ થઈ ગઈ હતી. ભારત તરફથી અક્ષર પટેલે શાનદાર બોલિંગ પ્રદર્શન કરતાં ૫ વિકેટ ઝડપી હતી. જ્યારે અશ્વિનને ૩ અને કુલદીપને ૨ વિકેટ મળી હતી.

જ્યારે બીજી ટેસ્ટ મેચમાં અશ્વિનનું પ્રદર્શન શાનદાર રહ્યું હતું. ભારતની



બીજી ઈનિંગ્સમાં તેણે સદી ફટકારી હતી. જ્યારે પ્રથમ ઈનિંગ્સમાં ૫ વિકેટ પણ ઝડપી હતી. આ મેચમાં ભારતની જીતનો હીરો અશ્વિન રહ્યો. તેણે મેચમાં કુલ ૮ વિકેટ ઝડપી. ભારતીય ટીમે ઈંગ્લેન્ડને ૪૮૨ રનનો ટાર્ગેટ આપ્યો હતો. તેના જવાબમાં ઈંગ્લેન્ડની ટીમ ૧૬૪ રને આઉટ થઈ ગઈ હતી.

ઉલ્લેખનીય છે કે, ટીમે પ્રથમ ઈનિંગ્સમાં ૩૨૯ રનનો સ્કોર કર્યો હતો. જ્યારે રોહિત શર્માએ શાનદાર ૧૬૧ રનની ઈનિંગ્સ રમી હતી. જેના જવાબમાં ઈંગ્લેન્ડની ટીમે પ્રથમ ઈનિંગ્સમાં ૧૩૪ રન કર્યા હતા. ભારતને પ્રથમ ઈનિંગ્સ બાદ ૧૯૫ રનની લીડ મળી હતી. ભારત તરફથી ઓફ સ્પિનર આર અશ્વિને પાંચ વિકેટ ઝડપી હતી.

જ્યારે મેચના ત્રીજા દિવસે ટીમ ઈન્ડિયા તેની બીજી ઈનિંગ્સ રમી હતી. પ્રથમ ઈનિંગ્સમાં પાંચ વિકેટ લેનાર આર અશ્વિને બેટિંગ દ્વારા દમ બતાવ્યો હતો. અશ્વિને તેના કરિયરની પાંચમી સદી ફટકારી હતી. ભારતની બીજી ઈનિંગ્સ ૨૮૬ રને સમેટાઈ હતી, જ્યારે ઈંગ્લેન્ડ સામે ૪૮૨ રનનો ટાર્ગેટ હતો.

Vશાલ
SUPER MARKETની આજ
આશીર્વાદ આટા (૫ કિ.)
રૂ. ૧૬૮/-
સેક્ટર-૬/કુડાસણ

**પ્રાર્થનાસભા**



**સ્વ. મુખ્યમંત્રી શ્રી ચીમનભાઈ પટેલ ની ૨૭મી પુણ્યતિથિ નિમિત્તે**

**તારીખ :** ૧૭-૦૨-૨૦૨૧ **સમય :** સવારે ૮.૩૦ થી ૯.૩૦
**સ્થળ : નર્મદા ઘાટ** સરીતા ઉદ્યાન પાસે, ગાંધીનગર

- સરદાર વલ્લભભાઈ એજ્યુકેશન ટ્રસ્ટ
- સરદાર વલ્લભભાઈ સહકારી બેંક

**આપને ઉપસ્થિત રહેવા નિમંત્રણ**

સિધ્ધાર્થ પટેલ, ડૉ. વિરાજ પટેલ, સુહૃદ પટેલ, પ્રિતી પટેલ, સુજાતા શાહ, વિવેક શાહ